સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ તરણકુંડોનાં સરળ સંચાલન/સુરક્ષા અને નિભાવ માટે સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાનાં ઠરાવ નં. ૧૭૧/૨૦૧૮ તા. ૩૦/૦૫/૨૦૧૮, તા.૨૬/૦૬/૨૦૧૯ નાં રોજ તત્કાલિન મ્યુનિ.કમિશ્નરશ્રી ની મંજુરી,માસિક સાધારણ સભાનાં ઠરાવ નં. ૪૭૪/૨૦૨૩ તા. ૨૨/૦૯/૨૦૨૩ અનેમાસિક સાધારણ સભાનાં ઠરાવ નં. ૧૦૭/૨૦૨૪ તા. ૧૫/૦૩/૨૦૨૪ નાં ઠરાવ્યા મુજબ નીચે જણાવેલ ફી નાં ધોરણો નકકી કરવામાં આવેલ છે.

## :: ફી નાં ધોરણો ::

| અ.નં. | વિગત | ફી નાં ધોરણો | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | વ્યકિત દીઠ ત્રિમાસિક ફી શીખનાર અને નવા પ્રવેશ મેળવતા તરવૈયા માટે | ➢ શીખનાર માટે રૂ. ૧૨૦૦/– ત્રણ માસથી વધુ પ્રવેશ નહીં.<br>➢ નવા પ્રવેશ મેળવતા તરવૈયા સભ્યો માટે :–<br>• ત્રિ માસિક ફી – રૂ.૧૨૦૦/–<br>• છ માસિક ફી – રૂ.૨૦૦૦/–<br>• વાર્ષિક ફી – રૂ. ૨૫૦૦/– | • જે–તે માસમાં ફી ભર્યા થી ત્રણ માસ, છ માસ અને બાર માસ ગણતરીમાં લેવા. |
| | વ્યકિત દીઠ ત્રિમાસિક રીન્યુ ફી | ➢ દરેક તરવૈયા સભ્યો માટે ત્રિ–માસિક રીન્યુ ફી – રૂ. ૧૨૦૦/– | |
| ૨. | વ્યકિત દીઠ છ માસિક રીન્યુ ફી | ➢ છ માસિક ફી –રૂ.૨૦૦૦/– | • જે–તે માસમાં ફી ભર્યા થી છ માસ ગણતરીમાં લેવા. |
| ૩. | વ્યકિત દીઠ વાર્ષિક રીન્યુ ફી | ➢ વાર્ષિક ફી –રૂ.૨૫૦૦/– | • જે–તે માસમાં ફી ભર્યા થી બાર માસ ગણતરીમાં લેવા. |
| ૪. | ગેસ્ટ ફી (બેચ દીઠ) | ➢ રૂ.૨૦૦/– | • ગેસ્ટ કુશળ તરવૈયા હોય તો જ પ્રવેશ આપવો. |
| ૫. | આઈડેન્ટીટી કાર્ડ | ➢ ફ્રી (ઓનલાઈન) | • દરેક સભ્યોએ નવા પ્રવેશ તથા રીન્યુ ફી ભર્યા પછી આઈડેન્ટીટી કાર્ડ ફ્રી ઓનલાઈન ડાઉનલોડ કરી મેળવવાનો રહેશે. |
| ૬. | સંસ્થા દીઠ પ્રતિ દિવસની પ્રવેશ ફી | ➢ સંસ્થા દીઠ પ્રતિ દિવસની પ્રવેશ ફી:–<br>• રૂ.૫૦૦૦/– (માત્ર ૦૩ કલાક માટે.)<br>• રૂ.૮૦૦૦/– (માત્ર ૦૩ કલાક થી વધુ અને ૦૮ કલાક સુધી.)<br>(સ્પર્ધા અથવા ટ્રેનીંગ નું આયોજન માત્ર ૦૩ કલાક માટે રોજીંદા બેચના સમય સિવાયના સમય માટે તથા ૩ કલાક થી વધુ હોય તેવા સંજોગોમાં માત્ર જાહેર–રજા/વીકલી રજામાં કરી શકાશે.) | • મહાનગરપાલિકાની પૂર્વ પરવાનગી મેળવી પોતાની જવાબદારીએ જણાવેલ ફી મેઈન્ટેનન્સ ચાર્જ નોન રીફંડેબલ રકમ જમા કરાવી ઉપયોગ કરી શકશે. |

| અ.નં. | વિગત | ફી નાં ધોરણો | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | ➢ અગર સંસ્થા એક થી વધુ દિવસો માટે સ્વીમીંગપુલનો વપરાશની માંગણી કરે તો પ્રતિ દિન રૂ.૫૦૦૦/– નાં ગુણાંકમાં ફી ભરવાપાત્ર રહેશે.<br>➢ સરકારી અને અર્ધસરકારી સંસ્થા માટે ૫૦% ફીમાં રાહત.<br>➢ સુ.મ.પા. નાં તમામ ખાતા માટે વિનામૂલ્યે. | |
| ૭. | તરણકુંડમાં દાખલ થવા માટેના પ્રવેશ ફોર્મ દીઠ | ➢ ફી (ઓનલાઈન) | • રજીસ્ટ્રેશનની કાર્યવાહી તેમજ ફી ઓનલાઈન કરવાની છે. |
| ૮. | ➢ શૈક્ષણિક સ્થાનિક / રાજય /રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈ ની પૂર્વ ટ્રેનીંગ પ્રવૃત્તિ માટે.<br>➢ રાષ્ટ્રીય કક્ષાએ કે આંતર રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈમાં ૧ થી ૩ નંબર મેળવી મેડલ મેળવનાર માટે.<br>➢ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્પાર્ધામાં ભાગ લઈ ચૂકેલ. | ➢ વિનામૂલ્યે<br>➢ વિનામૂલ્યે<br>➢ વિનામૂલ્યે | • શૈક્ષણિક હેતુની હરીફાઈ અંગે સક્ષમ સત્તાનું પ્રમાણપત્ર લેવાનું રહેશે. |
| ૯. | ➢ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા અને સુમન હાઈસ્કુલના વિદ્યાર્થીઓને.<br>➢ સીનીયર સીટીઝનને. | ➢ ૫૦% ફી માં રાહત.<br>➢ ૨૫% ફી માં રાહત. | |
| ૧૦. | બેચ ટ્રાન્સફર ફી | ➢ રૂ.૨૦૦/– | • પ્રથમ વખત શિખાઉ બેચમાંથી તરવૈયા બેચમાં ટ્રાન્સફર ફી(મફત) રહેશે. વધુમાં ૧૨(બાર) માસની અંદર પ્રવેશપદ રીન્યુ ન કરવામાં આવે, તો તેને ફરી શિખાઉ સભ્યો તરીકે ગણવામાં આવશે.<br>• શિખાઉ બેચમાંથી શિખાઉ બેચમાં ટ્રાન્સફર ફી રૂ.૨૦૦/– રહેશે.<br>• તરવૈયા બેચમાંથી તરવૈયા બેચમાં ટ્રાન્સફર ફી રૂ.૨૦૦/– રહેશે. |

| અ.નં. | વિગત | ફી નાં ધોરણો | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | | • શિખાઉ બેચમાં ત્રણ માસ માટે પ્રવેશ મેળવતા સભ્યોએ અંતિમ માસમાં તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર દ્વારા તરણશૈલી ચકાસી તેમનું સભ્યપદ શિખાઉ માંથી તરવૈયા કરવાનું રહેશે. જે અંગે તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરનો નિર્ણય માન્ય રાખવાનો રહેશે.<br>• બેચની ઉપલબ્ધ મહત્તમ સભ્ય–સંખ્યાને આધીન બેચ ટ્રાન્સફર કરી આપવા આવશે. |
| ૧૧. | દિવ્યાંગ વ્યકિત | ➢ ૫૦% ફી માં રાહત. | • દિવ્યાંગતાનું સિવિલ હોસ્પિટલનું પ્રમાણપત્ર સાથે લાવવું તથા તરણક્રિયા સમયે ૧૮ વર્ષ કે તેથી વધુ ઉમર ધરાવતા ઘરની જવાબદાર (લોહી સંબંધ ધરાવતા) સક્ષમ વ્યકિતની હાજરી ફરજિયાત રહેશે.<br>• દિવ્યાંગ વ્યકિતઓને તરણકુંડના ઈન્ચાર્જ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકર મારફત તેમની યોગ્યતા/ ક્ષમતાઓની ચકાસણી કર્યા બાદ જ ઓફલાઈન માધ્યમ ધ્વારા પ્રવેશ આપવામાં આવશે.<br>• પ્રવેશ દરમ્યાન દિવ્યાંગ વ્યકિતના ઘરના જવાબદાર (લોહી સંબંધ ધરાવતા) સક્ષમ વ્યકિતના "સોગંદ સહિતનું સંમતિ દર્શાવતું કબુલાતનામું" ની હાર્ડ કોપી ઓફિસમાં જમા કરવાની રહેશે. (તરણકુંડના ફોરમેટ મુજબ.) |

**<u>નોંધ</u> :– તમામ પ્રકારની ફી માં સને ૨૦૨૩–૨૪ થી ત્યારબાદ દર ૦૩ નાંણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ ૧૦% નો વધારો(૧૦૦ નાં ગુણાંકમાં) કરવામાં આવશે.**